આંક–૨૫

**:: નમુના – અ ::**

## વંથલીના એડી. ચીફ જયુડીશ્યલ મેજી. જજ સાહેબની કોર્ટમા, મુ. વંથલી.

## રજુ :– શ્રી અનુભવ પાંડે

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | **૨૮/૦૪/૨૦૨૬** |
| ફોજદારી કેસ નંબર | **૩૭૮/૨૦૨૪** |

**:: ગુનાની વિગત ::**

| | | |
|---|---|---|
| ગુનાની કલમ | | ઇ. પી. કો. ની કલમ–૪૯૮(ક), ૩૨૩,૧૧૪ તથા દહેજ પ્રતિબંધ ધારા ૪, ૫ મુજબ. |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | | ૧૧૨૦૩૦૬૮૨૪૦૨૨૩/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | | વંથલી. |
| ફરીયાદ પક્ષ | | સરકારી શ્રી /મુળ ફરીયાદી –<br>દિવ્યાબેન વા/ઓ. રમેશભાઇ દાનાભાઇ સારીખડા તે ડો.ઓ. લાલજીભાઇ વીરાભાઇ સાગઠીયા |
| રજુઆત | | વિ. એ. પી. પી. શ્રી કે. બી. ટાંક |
| બચાવ પક્ષ | ૦૧ | રમેશભાઇ દાનાભાઇ સારીખડા<br>ઉ.વ.૩૬, ધંધો–મજુરી, |
| | ૦૨ | ગંગાબેન વા/ઓ. દાનાભાઇ મેઘાભાઇ સારીખડા<br>ઉ.વ.૬૦, ધંધો–ઘરકામ, |
| | ૦૩ | દાનાભાઇ મેઘાભાઇ સારીખડા<br>ઉ.વ.૬૩, ધંધો–મજુરી,<br>રહે. નં.–૧ થી ૩, સોડવદર, તા.જામકંડોરણા, |
| | ૦૪ | સુમીતાબેન વા/ઓ. સુરેશભાઇ ગોવિંદભાઇ ચાવડા<br>ઉ.વ.૪૨, ધંધો–ઘરકામ, |

| | |
|---|---|
| | રહે. રાજકોટ, કાલાવાડ રોડ, નાના મવા, આંબેડકર નગર, |
| રજુઆત | વિ. વ. શ્રી બી. વી. લુણાસીયા. |

**:: નમુના – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૨/૦૨/૨૨ થી ૨૭/૧૨/૨૩ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૨૪/૦૪/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૧૨/૦૭/૨૦૨૪ |
| તહોમતનામાની તારીખ | ૨૯/૦૧/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૭/૦૨/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૩/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૮/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | —— |

**:: આરોપીની વિગત ::**

| આરોપીનો અનુક્રમ | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારખી | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો. કા. સંહીતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રમેશભાઇ દાનાભાઇ સારીખડા | ૧૭/૦૫/૨૦૨૪ | ૧૭/૦૫/૨૦૨૪ | ઉપર મુજબ | | —— | ૧૭/૦૫/૨૦૨૪ થી ૧૭/૦૫/૨૦૨૪ |
| ૨ | ગંગાબેન વા/ઓ. દાનાભાઇ મેઘાભાઇ સારીખડા | ૧૭/૦૫/૨૦૨૪ | ૧૭/૦૫/૨૦૨૪ | ઉપર મુજબ | | —— | ૧૭/૦૫/૨૦૨૪ થી ૧૭/૦૫/૨૦૨૪ |
| ૩ | દાનાભાઇ મેઘાભાઇ સારીખડા | ૧૭/૦૫/૨૦૨૪ | ૧૭/૦૫/૨૦૨૪ | ઉપર મુજબ | | —— | ૧૭/૦૫/૨૦૨૪ થી ૧૭/૦૫/૨૦૨૪ |
| ૪ | સુમીતાબેન | ૧૭/૦૫ | ૧૭/૦૫ | ઉપર મુજબ | | —— | ૧૭/૦૫/૨૦૨૪ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | વા/ઓ. સુરેશભાઇ ગોવિંદભાઇ ચાવડા | /૨૦૨૪ | /૨૦૨૪ | | | | થી ૧૭/૦૫/૨૦૨૪ |

## :: નમુનો ક ::

ફરીયાદી / બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી
અ. ફરીયાદ પક્ષના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ. સા. ૧(આંક–૧૭) | દિવ્યાબેન લાલજીભાઇ સાગઠીયા | ફરીયાદી |
| ફ. સા. ૨(આંક–૧૯) | લાલજીભાઇ વીરાભાઇ સાગઠીયા | સાહેદ |
| ફ. સા. ૩(આંક–૨૦) | ભાનુબેન લાલજીભાઇ સાગઠીયા | સાહેદ |

બ. બચાવ પક્ષના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| | | |

ક. ન્યાયલયના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા. સા. ૧ | | |

ફરીયાદી / બચાવ /ન્યાયલયના આંકની યાદી
અ. ફરીયાદ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ (ફ.સા.૦૧) | ૧૮ | ફરીયાદ |
| આરોપીના વિ. વ.શ્રી ની સંમતીથી નીચે મુજબના દ.પુ.ને આંક આપવામાં આવેલ છે. | | |
| ૦૧ | ૨૧ | અટક પંચનામું. |

બ. બચાવ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|

| | | |
|---|---|---|
| | | |

ક. ન્યાયલય આંક

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| | | |

ડ. ભૌતીક પદાર્થ :-

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| | | |

## -:: <u>ચુકાદો</u> ::-

**(૦૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓએ ફરીયાદીને તેમના બે વર્ષના લગ્ન ગાળા દરમ્યાન શારીરીક તથા માનસીક દુ:ખત્રાસ આપી દહેજની માંગણી કરેલ હોય અને આરોપી નં.-ર થી ૪ નાઓએ ફરીયાદીને દુ:ખત્રાસ આપવા માટે આરોપી નં.-૧ ની ચડામણી કરેલ હોય આમ આરોપી નં.-૧ થી ૪ નાઓએ ફરીયાદીને તેમના લગ્ન જીવન દરમ્યાન શારીરીક તથા માનસીક દુ:ખત્રાસ આપી દહેજની માંગણી કરેલ.

**(૦૨)** વંથલી પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૦૩૦૬૮૨૪૦૨૨૩/૨૦૨૪ ગુનાની તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ ઈ. પી. કો. કલમ-૪૯૮(ક), ૩૨૩, ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા ૪, ૫ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલું.

**(૦૩)** આ કામે આરોપીઓને સમન્સની બજવણી થતાં તેમના વિ. વ. શ્રી મારફતે કોર્ટ સમક્ષ હાજર થતાં ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પૂરી પાડવામાં આવેલ.

**(૦૪)** ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધ આંક–૪ થી તહોમતનામું ફરમાવી આંક–પ થી આંક–૮ સુધી પ્લી નોંધતા, આરોપીઓએ ફરીયાદ પક્ષનાં કેસનો ઈન્કાર કરી ગુનો કબુલ નથી તેમ જણાવતાં, ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

ચાલુ પુરાવા દરમ્યાન ફરીયાદી તથા આરોપી વચ્ચે સમાધાન થઈ ગયેલ હોય આંક–૧૬ થી ઈ.પી.કો.કલમ–૪૯૮(ક), ૩૨૩, ૧૧૪ તથા દહેજધારા કલમ–૪, પ મુજબના ગુનામા સમાધાન નોંધવાની પુરશીશ રજુ કરેલ છે. જે અન્વયે આરોપીઓને ક્રિ.પ્રો.કોડ કલમ–૩૨૦(૧) અન્વયે ઈ.પી.કોડની કલમ–૩૨૩ મુજબના ગુનામાંથી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ અને બાકી રહેલ ઈ. પી. કોડની કલમ–૪૯૮(ક), ૧૧૪ તથા દહેજ ધારા કલમ–૪,પ અન્વયેના ગુનાઓ સંબંધે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૦૫)** ત્યારબાદ ઉપરોકત પુરાવા પછી ફરીયાદ પક્ષ તરફથી વધુ કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી અને ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓને પુરતો બચાવ કરવાની વ્યાજબી અને પુરતી તક મળી રહે તે હેતુસર આરોપીઓનું સી. આર. પી. સી. ની કલમ–૩૧૩ અન્વયે વધારાનું નીવેદન નોંધી લેતાં, તેઓએ તેઓ સામે ખોટો કેસ કરેલ હોવાનું, તેઓ તદન નિર્દોષ હોવાનું જણાવેલ છે. જો કે આરોપીઓએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના સાહેદ તપાસેલા નથી.

**(૦૬)** ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષ તરફે, વિ.એ.પી.પી.શ્રી કે. બી. ટાંકની દલીલ તથા આરોપી તરફે વિ. વ. શ્રી બી. વી. લુણસીયાની દલીલો સાંભળવામાં આવી.

**(૦૭)** આ કામે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, આ કામના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, આરોપીઓએ ફરીયાદીને તેમના બે વર્ષના લગ્ન ગાળા દરમ્યાન શારીરીક તથા માનસીક દુ:ખત્રાસ આપી દહેજની માંગણી કરેલ હોય અને આરોપી નં.–૨ થી ૪ નાઓએ ફરીયાદીને દુ:ખત્રાસ આપવા માટે આરોપી નં.–૧ ની ચડામણી કરેલ હોય આમ આરોપી નં.–૧ થી ૪ નાઓએ ફરીયાદીને તેમના લગ્ન જીવન દરમ્યાન શારીરીક તથા માનસીક દુ:ખત્રાસ આપી દહેજની માંગણી કરી ઈ.પી.કોડની કલમ–૪૯૮(ક),૧૧૪ તથા દહેજ ધારા કલમ–૪,૫ મુજબનો શિક્ષાપાત ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૦૮)** ઉપરોકત મુદદા પરત્વેના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**–:: <u>કારણો</u> ::–**

**<u>મુદા નંબર ૧ :–</u>**

**(૦૯)** ફરીયાદ પક્ષના સાહેદ ફરીયાદી દિવ્યાબેન વા/ઓ. રમેશભાઇ દાનાભાઇ સારીખડા તેમની આંક–૧૭ ની જુબાનીમાં જણાવે છે કે, બનાવ બાબતની ફરીયાદ તેણે તા.૨૪/૪/૨૪ ના રોજ આપેલી, તેના પહેલા લગ્ન

ફરીયાદની તારીખથી નવેક વર્ષ પહેલા રણજીતભાઇ સાથે થયેલ અને લગ્નજીવનથી કોઇ સંતાન ન હતુ, કોરાના મહામહારીમાં તેના પતિને કોરોના થતાં તેઓનું અવસાન થયેલુ, ત્યારબાદ નવેક મહીના પછી તેના બીજા લગ્ન આરોપી નં.–૧ સાથે જ્ઞાતીના રીતરીવાજ મુજબ થયેલા અને રમેશભાઇના પણ તેની સાથે બીજા લગ્ન હતા અને તેઓને તેમના પહેલા લગ્નથી સંતાનમાં એક દિકરો નામે વરૂણ છે અને તેઓના પહેલા પત્નિ કોઇ બીજી વ્યકિત સાથે ભાગી ગયેલ હતા. વધુમાં સાહેદ જણાવે છે કે, લગ્ન બાદ તેઓ સંયુકત કુટુંબમાં તેના સાસુ ગંગાબેન, સસરા દાનાભાઇ તથા પતિ સાથે રહેતા હતા અને પતિ, સાસુ, સસરા તથા નણંદ સુમીતાબેન ઘરકામ બાબતે સામાન્ય બોલાચાલી કરતા હોય તેઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલ અને જે આંક–૧૮ થી રજુ રાખેલ અને આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ તથા આરોપીઓ સાથે સમાધાન થઇ ગયેલાનું તથા પતિ સાથે છુટાછેડા થઇ ગયેલાનું જણાવેલ. ફરીયાદી તેમની આંક–૧૮ ની ફરીયાદ હકીકતને સમર્થન કરતા ના હોય વિ. એ. પી. પી. શ્રી એ તેમને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં તેઓએ તેમની આંક–૧૮ ની ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી. બચાવ પક્ષની ઉલટમાં તેઓ કબુલ રાખે છે કે, આરોપીઓએ તેને કોઇ શારીરીક કે માનસીક ત્રાસ આપેલ ન હોય કે કરીયાવર કે રોકડ રકમની માંગણી કરેલ ન હોય. તેણીએ વધુમાં કબુલ રાખેલ કે, પોલીસે તેનું ફકત નામ–ઠામ પુછેલ અને તેણીએ સહી કરેલ.

(૧૦) ફરીયાદ પક્ષે સાહેદ લાલજીભાઇ વીરાભાઇ સાગઠીયાને આંક–૧૯ થી તથા સાહેદ ભાનુબેન લાલજીભાઇ સાગઠીયાને આંક–૨૦ થી સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ના હોય વિ. એ. પી. પી. શ્રી એ તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં તેમાં પણ

ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવેલી નથી. બચાવ પક્ષની ઉલટમાં તેઓ કબુલ રાખે છે કે, આરોપીઓએ તેમની દિકરીને કોઇ શારીરીક કે માનસીક દુ:ખત્રાસ આપેલ ન હોય કે કરીયાવર કે રોકડ રકમની માંગણી કરેલ ન હોય. તેઓ વધુમાં કબુલ રાખે છે કે, પોલીસે તેઓનું ફકત નામ–ઠામ પુછેલું.

**(૧૧)** આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ મૌખીક તથા દસ્તાવેજી પુરાવો અને બન્ને પક્ષનાં વિ. વકીલશ્રીઓની દલીલો ધ્યાને લેતાં આરોપીઓએ ફરીયાદીને માનસીક કે શારીરીક દુ:ખત્રાસ આપેલ હોય કે દહેજની માંગણી કરેલ હોય તેવું પુરવાર થઈ શકતું નથી.

**(૧૨)** આમ, ફરીયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે, આરોપીઓએ ફરીયાદીને તેમના બે વર્ષના લગ્ન ગાળા દરમ્યાન શારીરીક તથા માનસીક દુ:ખત્રાસ આપી દહેજની માંગણી કરેલ હોય અને આરોપી નં.–૨ થી ૪ નાઓએ ફરીયાદીને દુ:ખત્રાસ આપવા માટે આરોપી નં.–૧ ની ચડામણી કરેલ હોય આમ આરોપી નં.–૧ થી ૪ નાઓએ ફરીયાદીને તેમના લગ્ન જીવન દરમ્યાન શારીરીક તથા માનસીક દુ:ખત્રાસ આપી દહેજની માંગણી કરી ઈ.પી.કોડની કલમ–૪૯૮(ક), ૧૧૪ તથા દહેજ ધારા કલમ–૪, ૫ મુજબનો ગુન્હો આચરેલો. જેથી મુદા નં.–૧ નો નિર્ણય "નકાર" માં આપવામાં આવેલ છે અને મુદ્દા નં.–૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>–:: આખરી હુકમ ::–</u>

**(૧)** હાલના આરોપી (૧) રમેશભાઇ દાનાભાઇ સારીખડા (૨) ગંગાબેન વા/ઓ. દાનાભાઇ મેઘાભાઇ સારીખડા (૩) દાનાભાઇ મેઘાભાઇ

સારીખડા (૪) સુમીતાબેન વા/ઓ. સુરેશભાઇ ગોવિંદભાઇ ચાવડાનાઓને ઇ. પી. કો. ની કલમ–૪૯૮(ક), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધ ધારા કલમ–૪, ૫ મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હામાં નિર્દોષ ઠરાવી સી. આર. પી. સી. ની કલમ–૨૪૮(૧) અન્વયે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓના જામીનખત અને જાતમુચરકા રદ કરવામાં આવે છે અને આરોપીઓએ સી. આર. પી. સી. ની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૫,૦૦૦/– ના જાત જામીન અને જાતમુચરકા રજુ કરવા અગર તો જામીન તરીકે ચાલુ રહેવા પુરસીસ રજુ કરવી.

આજરોજ તા.૨૮ મી માહે–એપ્રિલ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. વંથલી.
તા.૨૮/૦૪/૨૦૨૬.

(અનુભવ પાંડે)
એડી. ચીફ જ્યુડી. મેજી., વંથલી
કોડ નં.જીજે૦૧૧૩૩.